
આનંદઘનની આત્માનુભૂતિ
૮





The meanest flower that
blows can give thoughts that
do often lie too deep for tears.



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિસદ્ગુરુભ્યો નમઃ

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું - ૮૪

અધ્યાત્મ યોગીરાજ અવધૂત શ્રી આનંદઘનજી મહારાજ પ્રણીત પદ પર પરિશીલન

# આનંદઘનની આત્માનુભૂતિ

(અષ્ટમ પદ)




પરિશીલનકાર

પ્રાચીન શ્રુતોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય

પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મહારાજ



પ્રકાશક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

પુસ્તકનું નામ : આનંદઘનની આત્માનુભૂતિ

મૂળ કૃતિ : અલગારી અવધૂત પ. પૂ. આનંદઘનજી મહારાજ પ્રણીત અષ્ટમ આધ્યાત્મિક પદ

---

વિષય : આત્મનુભૂતિ

વિશેષતા : રાગ - વિરાગ - વીતરાગદશાના ઉર્ધ્વારોહણ માટે... મમતાના પરિહાર અને સમતાના સ્વીકાર માટે...
તથા સિદ્ધસ્વરૂપના સંવેદન માટે એક અણમોલ આલંબન. આત્માનુભૂતિના સાધકો માટે એક નવલું નજરાણું.

---

વિ. સં. ૨૦૬૭ • પ્રત : ૨૦૦૦ • મૂલ્ય : ૧૦૦/-

---

**પ્રાપ્તિ સ્થાન :**

1) શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, શ્રી ચંદ્રકુમારભાઈ જરીવાલા .. રૂ.નં.6, બદ્રિકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ ઈ રોડ, મુંબઈ-400 002. ફોન : 22818390, Email : devanshjariwala@gmail.com

2) શ્રી અક્ષયભાઈ શાહ .. 506, પદ્મ એપાર્ટ, જૈન મંદિર કે સામને, સર્વોદયનગર, મુલુંડ (પ.). મો. : 9594555505, Email : jinshasan108@gmail.com

3) શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાળા .. સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે, હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-5. મો.: 9426585904, Email : ahoshrut.bs@gmail.com

4) શ્રી મેહુલ જે. વારૈયા .. 401, પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ, હનુમાન ચાર રસ્તા, સ્ટેટ બેંક ની ઉપર, ગોપીપુરા, સુરત-395 001. મો. : 9374717779, Email : mehuljvaraiya@gmail.com

5) શ્રી દિનેશભાઈ જૈન .. રૂમ નં.૮, પહેલે માળે, ૯, મલ્હાર રાવ વાડી, દાદીશેઠ અગિયારી લેન, કાલબાદેવી રોડ, મુંબઈ-400 002. મો.: 7738500031

6) પરેશભાઈ શાહ .. A/202, શિવકૃપા, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, મથુરાદાસ રોડ, કાંદિવલી (પ.), મુંબઈ - 400 062. મો. 9820017030

7) મલ્ટી ગ્રાફિક્સ .. 18, Khotachi Wadi, Vardhaman Bldg., 3rd Floor, V. P. Road, Prathana Samaj, Mumbai - 4. Ph.: 23873222 / 23884222. E-mail : support@multygraphics.com

Design & Printed by : **MULTY GRAPHICS**... www.multygraphics.com

(c) Copyright held by Publisher & Author under Indian copyright act, 1957. http://copyright.govt.in/documents/copyright rules 1957.pdf


Flowers are the words which even a baby can understand.

जिन मन्दिर-जल मन्दिर-जीव मन्दिर का पुण्य प्रयाग अर्थात्

## पावापुरी तीर्थ-जीवमैत्रीधाम

## SPONSOR (સુકૃત સહયોગી)

વિશ્વવિખ્યાત શ્રી પાવાપુરી તીર્થ-જીવમૈત્રી ધામ નિર્માતા
શ્રી કે. પી. સંઘવી પરિવાર...



અનેક આત્મસાધકો માટે
અનુભૂતિનું આકાશ સુલભ કરવા બદલ
ખૂબ ખૂબ અનુમોદના અભિનંદન.

# K. P. SANGHVI GROUP

**Name of the Entity**

*K. P. Sanghvi & Sons*
*Sumatinath Enterprises*
*K. P. Sanghvi International Limited*
*KP Jewels Private Limited*
*Seratreak Investment Private Limited*
*K. P. Sanghvi Capital Services Private Limited*
*K. P. Sanghvi Infrastructure Private Limited*
*KP Fabrics*
*Fine Fabrics*
*King Empex*

# અનુભૂતિના આકાશમાં

કૂવામાં રહેતો એક દેડકો.
એને લાગતું કે આ કૂવો છે,
એટલી જ દુનિયા છે.
દુનિયામાં જે કાંઈ પણ વસ્તુ છે,
તે બધી જ આ કૂવામાં આવી ગઈ છે.
આના સિવાય કાંઈ છે જ નહીં.

આજનું મોટા ભાગનું વિશ્વ
એ દેડકા જેવી ગંભીર ગેરસમજનો ભોગ બન્યું છે...
વિશ્વમાં જે કાંઈ સુખ છે, તે વિષયસુખ જ છે,
વિષયસુખ સિવાય કોઈ સુખ છે જ નહીં...
આનંદઘનજી મહારાજ આ ગેરસમજને દૂર કરી રહ્યા છે...
તું એક વાર તારા કૂવામાંથી બહાર નીકળ
અને અનુભૂતિના આકાશમાં આવ...
એક વાર આ સુખનો સ્વાદ લે...
પછી તો તું કૂવાનું નામ પણ ભૂલી જઈશ.

ચાલો, આનંદઘનજી મહારાજની આંગળી પકડીને...
આપણે ય જઈએ... અનુભૂતિના આકાશમાં.

- **આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ**



आतम अनुभव फूल की,
नवली कोउ रीत;
नाक न पकरे वासना,
**कान गहे परतीत ।।साखी।।**

अनुभव नाथ कुं क्युं न जगावे?
ममता संग सो पाय अजागल-
थनतें दूध दुहावे...१
**अनुभव नाथ कुं क्युं न जगावे?...**

मैरे कहेतें खीज न कीजे,
तुं ऐसी ही शिखावे;
बहोत कहेतें लागत ऐसी,
अंगुली सरप दिखावे...२
**अनुभव नाथ कुं क्युं न जगावे?...**

औरन के संग राते चेतन,
चेतन आप बतावे;
आनंदघन की सुमति आनंदा,
सिद्ध सरूप कहावे...३
**अनुभव नाथ कुं क्युं न जगावे?...**




A divine fragrance of
a divine flower.

आतम अनुभव फूल की,
नवली कोउ रीत;
नाक न पकरे वासना,
**कान गहे परतीत ।।साखी।।**



આત્માનુભૂતિ - પુષ્પની રીત કોઈ નવી જ છે. કારણ કે નાક એની સુવાસ લઈ શકતું નથી, પણ કાન એની પ્રતીતિ કરે છે. ।।સાખી।।

એક ગુરુ અને બે શિષ્ય... ત્રણેની પદયાત્રા ચાલી રહી છે. વચ્ચે એક બાગ આવ્યો. રસ્તો બરાબર તેની વચ્ચેથી થઈને જતો હતો. ગુલાબ, મોગરો, ચંપો... ચારે બાજુ સુવાસનું અદ્વૈત સામ્રાજ્ય ફેલાયેલું હતું. એક શિષ્યનું મન એ સુવાસ પ્રત્યે આકર્ષિત થઇ ગયું. બાગમાંથી પસાર થઇ ગયા પછી આ સુવાસ માણવા નહી મળે, એ વિચારે એની ચાલ ધીમી પડી ગઇ.

બીજા શિષ્યને આ સુવાસમાં ભયાનકતા દેખાઈ ઇન્દ્રિયોની ગુલામી દેખાઇ. આ સુગંધ તો દુર્ગંધ કરતા ય બુરી છે, એવી સમજ સાથે તેણે ઝડપ વધારી, એક શિષ્ય પાછળ છે, બીજો આગળ છે અને ગુરુ તો પોતાની સ્વાભાવિક ચાલમાં મસ્ત બનીને ચાલી રહ્યા છે.

બાગનો રસ્તો કપાઇ ગયો. થોડી વારમાં બંને શિષ્યો પૂર્વવત્ ગુરુની સાથે ચાલવા લાગ્યા. ત્યાં તો મોટો ઉકરડો આવ્યો. જ્યાં ગટરો ઉભરાતી હતી. આખા ગામની દુર્ગંધે જ્યાં ડેરો નાખ્યો હતો. કૂતરા, બિલાડી, ઉંદરના મડદાઓ જ્યાં માથુ ફાડી નાખે એવી બદબૂ ફેલાવતા હતા. અહીં પહેલા શિષ્યની ઝડપ વધી ગઇ. બીજો શિષ્ય થોડી મુશ્કેલીથી આ દુર્ગંધને સહન કરે છે અને ગુરુની સાથે સાથે ચાલવા પ્રયાસ કરે છે. અને ગુરુ તો પહેલાની જેમ જ પોતાની મસ્તીમાં ચાલી રહ્યા છે.

પ્રસંગ નાનો છે, પણ વિરાટ વિશ્વની ત્રણ આત્મિક દશાને એ પોતાનામાં સમાવી લે છે. (૧) વિરાગ દશા (૨) રાગ દશા (૩) વીતરાગ દશા. અષ્ટાવક્રગીતામાં કહ્યું છે -

विरक्तो विषयद्वेष्टा, रागी विषयलोलुपः।
ग्रहमोक्षविहीनस्तु, न विरक्तो न रागवान्।।

વિરાગી વ્યક્તિ વિષયદ્વેષી છે. રાગી વિષયાસક્ત છે. પણ જેને હેયબુદ્ધિ કે ઉપાદેયબુદ્ધિ નથી, એ વિરાગી પણ નથી અને રાગી પણ નથી. એ તો હંમેશા માધ્યસ્થ્યભાવમાં રમણ કરે છે. ફૂલોની સુવાસમાં આકર્ષાઇ જવું એ રાગદશા... તે સુવાસમાં હેયબુદ્ધિનું અનુસંધાન કરવું તે વિરાગદશા... સુગંધ અને દુર્ગંધ બંનેમાં સમભાવ ધારણ કરવો... સર્વ સંયોગો પ્રત્યે પરમ ઔદાસીન્યને આત્મસાત્ કરવું, એનું નામ વીતરાગદશા.

રાગદશા સંસારનું કારણ છે. જ્ઞાનગર્ભિત વિરાગદશા વીતરાગદશાનું કારણ છે. અને વીતરાગદશા એ મુક્તિનું કારણ છે, એટલું જ નહીં, બલ્કે એ જીવન્મુક્તિરૂપ છે. જ્યાં સુધી સંસાર છે, ત્યાં સુધી ઇન્દ્રિયો સાથે સંબંધ છે. જ્યાં સુધી ઇન્દ્રિયો સાથે સંબંધ છે, ત્યાં સુધી વિષયવેદન છે. પણ એ વેદનમાં રાગ-દ્વેષ કરવા... એ વિષયો સારા-નરસા લાગવા... એ વૃત્તિનો ત્યાગ કરવો જોઇએ. *આચારાંગસૂત્રમાં* કહ્યું છે -

न सक्का गंधमग्घाउं, नासाविसयमागयं।
रागदोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए।।
।। ૨-૩-૧૫ / ૧૩૩ ।।

નાસિકાનો વિષય બની ચૂકેલ ગંધનું વેદન ન થાય એ તો શક્ય નથી. પણ તેમાં જે રાગ-દ્વેષ છે, તેનો મુનિએ ત્યાગ કરવો જોઈએ.

શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ આ પાંચ વિષયોનું તો અનાદિ કાળથી

આપણે વેદન કરી રહ્યા છીએ. એ વેદનમાં વળી રાગ-દ્વેષને ભેળવીને આપણે જ આપણા આત્માને દુઃખી કર્યો છે. હવે એક નવલા વિષયનું વેદન કરવું છે. જે વિષયનું નામ છે આત્મા. એનું વેદન એટલે જ આત્માનુભૂતિ. આ વેદન ઈન્દ્રિયાતીત છે. માટે જ આ વેદન રાગ-દ્વેષથી મુક્ત છે. પરમ માધ્યસ્થ્યની પરિણતિ વિના આ વેદન થવું શક્ય નથી. પ્રસ્તુત પદમાં આ વેદનને ફૂલની ઉપમા આપીને એક આશ્ચર્યજનક કલ્પના કરી છે.

**आतम अनुभव फूल की**
**नवली कोउ रीत**

ભૌતિક વિષયો લૌકિક કક્ષાના હોય છે, જ્યારે આધ્યાત્મિક વિષયો લોકોત્તર કક્ષાના હોય છે. જીવમાત્ર પરિવર્તનપ્રિય હોય છે. તો ય કોણ જાણે કેમ... શબ્દ વગેરે જુના-પુરાણા વિષયોનો કંટાળાજનક એક સરખો ભોગવટો કરવા છતાં પણ જીવ હજી સુધી કંટાળ્યો નથી, તેનાથી ધરાયો નથી, હવે કાંઈક પરિવર્ત્તન (change) જોઈએ છે, એમ એનું મન બંડ પોકારતું નથી.

આ સ્થિતિમાં પરમ કારુણિક પદકાર પોતે જ નવલા વિષયની રજુઆત કરે છે... વત્સ ! મુકી દે આ અનાદિના એકના એક વિષયોની તૃષ્ણા. આજે આ એક નૂતન વિષયની તને ભેટ આપું છું. જે વિષય અનંત સંસારયાત્રામાં તદ્દન અપૂર્વ છે, અને પુરાણા વિષયો તેની આગળ સાવ જ તુચ્છ લાગે એવા છે. પાંચે ઈન્દ્રિયોના સર્વોત્કૃષ્ટ વિષયોનો સર્વકાલીન ભોગવટો જો કોઈ કરે, અને એને જે સુખ મળે, એના કરતાં પણ અનંતગણું સુખ તેને મળે કે જે એક ક્ષણ માટે આત્માનુભૂતિના આંશિક આનંદને માણે. ખરેખર પદના શબ્દો સચોટ છે.

**नवली कोउ रीत.**

દર છ મહિને ઓફિસનું ઈન્ટરીયર ડેકોરેશન બદલી નાખનારાઓનો તોટો નથી. કપડાં, બૂટ, મનોરંજનના સાધનો, વાહન, ઘડિયાળ, પેન... બધું જ બદલતો રહીને પરિવર્તન (change) નો આનંદ માનતો માણસ વાસ્તવમાં પોતાના આત્માને છેતરે છે. જુનું ફર્નિચર પણ લાકડા વગેરે જડ વસ્તુનું બનેલું હતું. અને નવું ફર્નિચર પણ તેવું જ છે. માત્ર બાહ્ય આકાર વગેરેના પરિવર્ત્તનથી વસ્તુમાં પરિવર્તન નથી થઈ જતું.

આગમસૂત્રો તો ત્યાં સુધી કહે છે, કે આપણે સંસારના સર્વ પુદ્ગલોનો અનેક રીતે અનેક વાર ભોગવટો કરી ચૂક્યા છીએ. ઈન્દ્રિયપરાજયશતકમાં કહ્યું છે -

संसारचक्कवाले सव्वे वि य पुग्गला मए बहुसो।
आहरिया य परिणामिया य न य तेसिं तित्तोऽहं।।१८।।

સંસારના આ ચકરાવામાં મેં સર્વ પુદ્ગલોનો ઘણી વાર આહાર કર્યો અને ખલ-રસરૂપે તેમને પરિણમાવ્યા. છતાં પણ હું તેમનાથી તૃપ્ત થયો નથી.

તૃપ્તિ મળે પણ ક્યાંથી? પુદ્ગલાનુભૂતિના માર્ગે તૃપ્તિ છે જ નહીં, તૃપ્તિ તો એક માત્ર આત્માનુભૂતિના માર્ગે છે. મુંબઈથી દક્ષિણ દિશામાં પ્રયાણ કરે, તે કદી દિલ્હી પહોંચે ખરો?

આત્માનુભૂતિ નવલી જ છે, તેવું નથી, એ તો અનેક રીતે નવલી છે. એમાં વાસ્તવિક પરિવર્ત્તન પણ છે, નવીનતા પણ છે, તો અપૂર્વ આનંદ પણ છે. આત્માનુભૂતિને ફૂલની ઉપમા આપી છે, તો હવે એ જ ઉપમામાં 'નવલી રીત'ની સંગતિ કરે છે.

**नाक न पकरे वासना**
**कान गहे परतीत**

લૌકિક પુષ્પને નાકથી સૂંઘવામાં આવે છે. કાન ન તો એને જોઇ શકે છે, કે ન તો સૂંઘી શકે છે. પણ આત્માનુભૂતિ એ એવું પુષ્પ છે, જેને નાક સૂંઘી શકતું નથી. પણ કાન તેની પ્રતીતિ કરી શકે છે.

આ નવલી રીત અનેક આશ્ચર્યોનું સર્જન કરે છે, એક તો ફૂલ હોવા છતાં પણ નાકથી તેની સુવાસ લઈ શકાય તેમ નથી. આત્મા ઇન્દ્રિયાતીત છે, માટે એનું સમાધાન હજી કદાચ મેળવી લઈએ, પણ કાન તેની પ્રતીતિ કરે છે, એનું શું? એ શી રીતે શક્ય બને? જો કોઇ રીતે કાન તેની પ્રતીતિ કરતો હોય, તો પછી નાકે શું અપરાધ કર્યો ? પુષ્પનો સંબંધ તો નાક સાથે જ વધુ હોવો જોઇએ.

આ તમામ પ્રશ્નોનો ઉત્તર 'કાન' શબ્દની વિશિષ્ટ પરિભાષા આપે છે. શબ્દશાસ્ત્રોમાં 'કાન'નો એક અર્થ કર્યો છે પ્રજ્ઞા. માટે જ પ્રાજ્ઞ પુરુષો માટે 'સકર્ણ' એવું સંબોધન કરવામાં આવ્યું છે. આત્માનુભૂતિ કરવી એ જેમ નાકથી શક્ય નથી. એ જ રીતે બાહ્ય ઇન્દ્રિયરૂપ કાનથી પણ શક્ય નથી. એ તો શક્ય બને છે એકમાત્ર આંતરપ્રજ્ઞાથી.

બ્રહ્મનાદ કે અનાહતનાદની જે પ્રતીતિ થાય છે, તે પણ બાહ્ય ઈન્દ્રિયરૂપ કાનથી નહીં પણ આંતરપ્રજ્ઞારૂપ કાનથી થાય છે. બાહ્ય ઈન્દ્રિય માત્ર પૌદ્ગલિક વિષયનું ગ્રહણ કરી શકે. આત્માનુભૂતિ કરવા માટે તો આંતરપ્રજ્ઞા સિવાય બીજું કોઇ જ સક્ષમ નથી. હજુ સૂક્ષ્મદૃષ્ટિએ વિચારીએ તો નાદપ્રતીતિ આત્માનુભૂતિનું સોપાન બની શકે, પણ એ સ્વયં આત્માનુભૂતિ ન બની શકે. કારણ કે આત્મા તો શબ્દાતીત છે. પંચસૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે -



# Soul the sprouting point of supreme pleasure.

### से ण सद्दे

આત્મા એ શબ્દ નથી. માટે શબ્દથી તેની અનુભૂતિ ન થઇ શકે. આ તો નવલા વિષયની નવલી રીત છે. અનાદિ કાળથી તદ્દન અપરિચિત છે. આત્માનુભૂતિ થવી તો મુશ્કેલ છે જ. આત્માનુભૂતિની યાત્રામાં ડગ માંડવા પણ મુશ્કેલ છે. અરે, આ યાત્રાનો માર્ગ જડવો પણ મુશ્કેલ છે. આ બધી જ મુશ્કેલીઓને દૂર કરનારા... શીઘ્ર અને સુગમ રીતે આત્માનુભૂતિની પ્રાપ્તિ કરાવનારા ટંકશાળી વચનો હવે એક પછી એક રજુ થઇ રહ્યા છે. જાણે આપણા અંતરના આંગણે કલ્પતરુ... કામઘટ... ને કામધેનુ અવતરી રહ્યા છે... આ ધન્ય પળને એક રસ થઇને માણીએ, અને સાર્થક કરીએ...




अनुभव नाथ कुं
क्युं न जगावे?

ममता संग सो पाय अजागल-
थनतें दूध दुहावे...१

**अनुभव नाथ कुं क्युं न जगावे?...**






અનુભવ નાથને કેમ જગાડતો નથી? મમતાના સંગને પામીને તે બકરીના ગળાના સ્તનમાંથી દૂધ દોહે છે. ।।૧।।

ભારત-પાકિસ્તાનની સરહદની ભૂમિ. આ બાજુ ભારતની લશ્કરી છાવણી હતી, અને બીજી બાજુ પાકિસ્તાનની લશ્કરી છાવણી હતી. મધરાતના સમયે છાવણીની બહાર એક સૈનિક પહેરો ભરી રહ્યો હતો. અચાનક એને ખ્યાલ આવ્યો કે પાકિસ્તાનની છાવણીએ ઓચિંતો હલ્લો કર્યો છે. આવા સમય માટે એને સ્પષ્ટ સૂચના હતી કે તરત સાયરન વગાડીને તમામ છાવણીને સંકેત આપવો. પછી બાકીનું કામ તો લશ્કર જ કરી દે.

પણ કોણ જાણે કેમ? પેલા સૈનિકે સાયરન ન વગાડી એના નકામા હથિયાર સાથે એ સામે ધસી ગયો. સામે આધુનિક શસ્ત્રો સાથે આખી ફોજ હતી. આ બાજુ હાસ્યાસ્પદ હથિયાર સાથે તે એકલો હતો. પરિણામ કહેવાની જરૂર નથી.

કા...શ એણે છાવણીને ઉઠાડી દીધી હોત, તો પરિણામ કાંઇક ઓર જ આવ્યું હોત. સૈનિકની તક એના હાથમાંથી સરી ગઈ... આપણી તક હજી આપણા હાથમાં છે. આંતરશત્રુઓનું આક્રમણ થઇ ચૂક્યું છે. આપણી ફરજ (duty) છે અનુભૂતિને જાગૃત કરવાની. એક વાર એ જાગૃત થઈ જાય, પછી બાકીનું સમગ્ર કામ પાર પાડવા માટે એ સમર્થ છે. માટે જ તો એને અહીં ‘નાથ’ તરીકે સંબોધન કર્યું છે. યોગ અને ક્ષેમ કરે, એનું નામ નાથ.

આ નાથ વિના તો આપણી કોઇ હેસિયત જ નથી કે આંતરશત્રુઓનો મુકાબલો કરી શકીએ. આપણે સાવ એકલા-અટૂલા અને તેઓ અસંખ્ય. આપણું શસ્ત્ર કાલ્પનિક અને તેમના શસ્ત્રો કલ્પનાતીત. આ સ્થિતિમાં તાત્કાલિક ‘અનુભવ નાથ’ ને જાગૃત ન કરવામાં આવે તો ભયાનક પરિણામ નિશ્ચિત છે. છતાં ય આ આતમરામ... કોણ જાણે કેમ? દિગ્મૂઢ બન્યો છે... એ સમયે અધ્યાત્મ યોગીરાજના ઉદ્ગારો સહસા અભિવ્યક્ત થાય છે...

### અનુભવ નાથ કું ક્યું ન જગાવે?

આત્માનુભૂતિ જ્યાં સુધી જાગૃત નથી થઈ, ત્યાં સુધી એ સૂતેલા સિંહ જેવી છે. જેમ સૂતેલા સિંહની સાથે ઉંદરો પણ ચેડા કરી જાય, સસલાઓ પણ ઉછળકૂદ કરી જાય, એમ આત્માનુભૂતિની અજાગૃતિની પળોમાં અધમ કક્ષાના ક્ષુદ્ર આંતરશત્રુઓ પણ આત્માની કદર્થના કરી જાય. ક્યાં સુધી આ કદર્થનાને જોતા રહેવી? ક્યાં સુધી આત્મોન્નતિની સુશક્યતાઓને નિષ્ફળ કરવી? આવા અનેક પ્રશ્નોના વમળમાંથી ઉદ્ભવેલો એક મહાપ્રશ્ન છે -

### અનુભવ નાથ કું ક્યું ન જગાવે?

આ નાથને જાગૃત કરવાનો એક અર્થ છે - આપણા ‘નાથ’ તરીકે તેમનો સ્વીકાર કરવો. આત્માનુભૂતિને આપણા સર્વસ્વ તરીકે સ્થાપિત કરવી. જ્યાં સુધી ઉપયોગમાં આત્મા રમતો રહે છે, ત્યાં સુધી આત્માનુભૂતિ આપણો નાથ બને છે. એ સર્વથા આપણો યોગ-ક્ષેમ કરતી રહે છે. અનાદિ કાળ સુધી આપણે અનાથ રહ્યા. કોઇ આપણો હાથ પકડનાર કે આપણી સારસંભાળ કરનાર ન હતું. વિભાવોએ આપણું સ્વરૂપ તદ્દન વિકૃત કરી નાખ્યું. કર્મોએ આ ઉજ્જવળ આત્મા પર કાળા લપેડાઓ કરી નાખ્યા. વિભાવો અને કર્મો એક બીજાની પુષ્ટિ કરતા ગયા, અને એમાં આત્માનું નિકંદન નીકળી ગયું.

effort for MAMATA is a fruitless effort.

આત્મા અમર છે, એમણે તેની ઠાઠડીઓ કાઢી. આત્મા અનંત શક્તિમાન છે, એમણે તેને નિઃસત્ત્વ બનાવ્યો. આત્મા પરમજ્ઞાની છે, વિભાવોએ અને કર્મોએ તેને ઘોર અજ્ઞાની બનાવ્યો. આત્મા અનંત આનંદનો સ્વામી છે, એમણે તેને અનંત વાર નરકમાં ધકેલી દીધો. આત્માની કાળી કદર્થના કરવામાં વિભાવો અને કર્મોએ કોઈ કસર નથી છોડી. આજે અવસર મળ્યો છે એનાથી આત્માને મુક્ત કરવાનો. આત્માની મુક્તિનો આધાર છે આત્માનુભૂતિ.

ઉંદરો અને સસલાઓને દૂર કરવા માટે સિંહે યુદ્ધ કરવાની જરૂર ન હોય, સિંહ માત્ર જાગૃતિની પળમાં પ્રવેશ કરે, એટલું જ પૂરતું હોય છે. સિંહની આંખો ખુલી નથી અને એ ક્ષુદ્ર પ્રાણીઓ ઉભી પૂંછડીએ ભાગ્યા નથી. આવી સિંહ જેવી સ્થિતિ છે આત્માની. તો પછી એ જાગૃતિને પામવામાં વિલંબ શા માટે?

## अनुभव नाथ कुं क्युं न जगावे?

આત્માનુભૂતિની ઉપેક્ષા શા માટે? આ પ્રશ્નનો જવાબ છે મમતા. જીવને પોતાના શરીર, સંપત્તિ, પરિવાર વગેરે પર ખૂબ જ મમત્વ છે. એ માને છે કે આ બધું મને સુખી કરશે, અને એ જ કારણે એને આત્માનુભૂતિમાં સુખનો સ્રોત દેખાતો નથી. પરિણામ સ્પષ્ટ છે- ‘આત્મા’ની અનુભૂતિ તો દૂર રહી, આત્માનું સ્મરણ કરવા પૂરતો ય એને અવકાશ રહેતો નથી.



બીજી બાજુ, જેને એ સુખનો સ્રોત માને છે, એ તેને સુખ આપી શકતું નથી.

## ममता संग सो पाय अजागल-थनतें दुध दुहावे।

મમતાથી જેનો સંગ કર્યો છે, એ સંપત્તિ વગેરેને અહીં બકરીના ગળા પર રહેલા સ્તનની ઉપમા આપી છે. એ સ્તન માત્ર નામના હોય છે. કારણ કે એને દોહવાથી દૂધ મળી શકતું નથી. કદાચ કોઇ આખી જિંદગી તેને દોહવાનો પ્રયત્ન કરે, તો પણ તેને વ્યર્થ પરિશ્રમ સિવાય બીજું કાંઇ પણ મળી શકે નહીં. તે જ રીતે શરીર, ધન, પરિવાર પાસેથી સુખની આશા રાખીને કોઇ સમગ્ર જીવન તેમની પાછળ મચી પડે, તો પણ તેને સુખ મળી શકે નહીં, કારણ કે આ બધું ય બકરીના ગળાના સ્તન જેવું છે. જેને દોહવાથી ક્લેશ અને સંક્લેશ સિવાય બીજું કશું જ મળતું નથી. શમોપનિષદ્‌માં કહ્યું છે -

दुग्धो वृथैव वृषभो नु पयःस्पृहेण,<br>
सम्पीलिताऽपि सिकता ननु तैलहेतोः।<br>
सौख्याशयाऽऽश्रितवतेह मया परौघं,<br>
स्वात्मन्यथ सुखमये नितरां निलीये।।

મને દૂધ જોઈતું હતું, અને તેના માટે મેં બળદને દોહ્યો. મને તેલ જોઇતું હતું અને તેના માટે મેં રેતીને ખૂબ પીલી. આવી મૂખાર્મી મેં કરી, કારણ કે સુખની ખાતર હું ‘પર’ના પનારે પડ્યો. પણ હવે મારી આંખો ઉઘડી ગઈ છે. સુખ પુદ્‌ગલમાં નથી, પણ આત્મામાં જ છે એનું મને ભાન થયું છે. અને હવે હું મારા આત્મસ્વરૂપમાં જ નિલીન થાઉં છું. જે અત્યંત સુખમય છે.

મુંબઈથી એક ફ્રેન્ડ સર્કલ કાશ્મીર ફરવા ગયું. શ્રીનગરની સારી હોટલમાં તેઓ ઉતર્યા. મુંબઈની વ્યસ્ત અને ત્રસ્ત જિંદગીમાંથી થોડા સમય માટે છૂટકારો મળ્યો. બધાના ચહેરા પર હાશકારો હતો, અલ્પ સમયની કૃત્રિમ પ્રસન્નતા હતી. મુંબઇના ધુમાડાઓ ક્યાં? અને શ્રીનગરના સરોવરો ક્યાં? એ પ્રદૂષણ ક્યાં? અને આ પ્રાકૃતિક સૌંદર્ય ક્યાં? આ ભાવો બધાના દિલમાં રમતા હતા. કુદરતી વાતાવરણ, હરવા-ફરવાના સ્થળો, હોટલની વ્યવસ્થા બધું જ તેમને ગમી ગયું હતું. તેમાં પણ હોટલના સ્ટાફના એક માણસે તો જે કાળજીથી તેમની સગવડો સાચવી, તેનાથી તેઓ ખૂબ ખુશ થઇ ગયા હતાં. ડિસ્ચાર્જના દિવસે તેમણે એ માણસને કહ્યું, ‘‘તે અમને પૂર્ણ સંતોષ આપ્યો છે. તને જે જોઇએ, તારી જે ઈચ્છા હોય એ માંગી લે, તને મળી જશે.’’ તે માણસ થોડો મુંઝાયો. કાંઇ ઇચ્છા તો છે, પણ કહેવામાં સંકોચ થાય છે, એવા સ્પષ્ટ ભાવો તેના મોઢા પર દેખાતા હતા. બધાએ એને ખૂબ આગ્રહ કર્યો, ત્યારે એ બોલ્યો, ‘‘જોઇતું તો કાંઈ નથી. પણ જીવનમાં એક ઇચ્છા છે... કે એક વાર મુંબઇ જોવું છે, તમે લઇ જતા હો તો...’’

કોને મૂર્ખ સમજવો? આ માણસને કે પોતાને, તે જ મુંબઇગરાઓને સમજાતું ન હતું. મુંબઈવાળાને કાશ્મીરમાં સુખ દેખાય છે, અને કાશ્મીરવાળાને મુંબઈમાં સુખ દેખાય છે. વાસ્તવમાં સુખ કાશ્મીરમાં પણ નથી અને મુંબઈમાં પણ નથી. સુખ તો છે માત્ર ને માત્ર આત્મામાં. જેમાં જે વસ્તુ છે જ નહીં, એની પાસેથી તે વસ્તુની આશા રાખવી, એ વ્યર્થ છે, એ મોટી મૂર્ખતા છે.

**ममता संग सो पाय अजागल-थनतें दुध दुहावे...**

કોઇને નામની મમતા હોય છે. એણે ભરત ચક્રવર્તીને યાદ કરવા જોઇએ. ઋષભકૂટ પર પોતાનું નામ લખવાની ય જગ્યા ન હતી ત્યારે ય તેમની આંખમાં આંસુ આવ્યા હતા અને જ્યારે કો’કનું નામ ભૂંસીને પોતાનું નામ લખવું પડ્યું, ત્યારે ય તેમની આંખમાં આંસુ આવ્યા હતા.

પહેલી વાર અશ્રુ એટલા માટે આવ્યા કે ૬૦,૦૦૦ વર્ષ સુધી યુદ્ધો કર્યા બાદ પોતે ચક્રવર્તી બન્યો, છતાં ય ભૂતકાળના ચક્રવર્તીઓ સાથે તેનું નામ લખવા જેટલી ય જગ્યા નથી. હજારો આફતોને પાર કર્યા પછી જ્યાં પહોંચો ત્યાં દરવાજે ‘નો વેકેન્સી’નું પાટિયું હોય, તો શી દશા થાય? તેવી દશા ભરતચક્રીની થઇ હતી. બીજી વાર આંસુ એટલા માટે આવ્યા છે, કે જેમ હું કોઇનું નામ ભૂંસીને મારું નામ લખું છું, એમ કોઇ મારું નામ ભૂંસીને એનું નામ લખશે.

અનંત તીર્થંકરોનાં નામો ય આજે ભૂંસાઇ ગયા છે, અરે, ત્રણ ચોવીશીને બાદ કરતાં આગળ-પાછળની ચોવીશીના નામ પણ મળતા નથી. તો પછી ‘નામ’નું મમત્વ ને ‘નામના’ની મમતા શી રાખવી ? આત્માને કોઇ નામ નથી. નામ તો શરીરનું છે. અને શરીરની સાથે જ નષ્ટ થઇ જવાનું છે. જે અનિત્યનું છે, એ સ્વયં અનિત્ય જ હોય. અનિત્ય પાસે નિત્ય સુખની આશા રાખવી, એટલે અજાગલ સ્તનને દોહવા...

**ममता संग सो पाय अजागल-थनतें दुध दुहावे...**

કોઈને શરીરની મમતા હોય. સમગ્ર જીવન તેની આળ-પંપાળ કર્યા કરે. શરીરની ટાપ-ટીપ, સાર સંભાળ, સ્નાન, શણગાર... આ પ્રત્યેક ચેષ્ટાઓ સાથે શરીર પ્રત્યેના મમત્વ ભાવને વધુ ને વધુ દૃઢ બનાવે... બિચારાને ખબર નથી -

અનાદિ કાળ સુધી આપણે અનાથ રહ્યા.
કોઈ આપણો હાથ પકડનાર કે આપણી સારસંભાળ કરનાર ન હતું.
વિભાવોએ આપણું સ્વરૂપ તદ્દન વિકૃત કરી નાખ્યું.
કર્મોએ આ ઉજ્જવળ આત્મા પર કાળા લપેડાઓ કરી નાખ્યા.
વિભાવો અને કર્મો એક બીજાની પુષ્ટિ કરતા ગયા,
એમાં આત્માનું નિકંદન નીકળી ગયું.




Yes,
it's our
own
history.




यह काया काच का कुंभा,
नाहक तूँ देख के फुलता;

पलक में फूट जायेगा,
पता ज्यूँ डाल से गिरता.

કેન્સર આખા શરીરમાં પ્રસરી ગયું હોય. શરીરમાં ઠેક-ઠેકાણે બાકોરા પડી ગયા હોય, અને તેમાંથી કીડાઓ બહાર આવતાં હોય... શરીરના અંગે અંગમાં કીડાઓ ખદબદી રહ્યા હોય, ભલભલાને કમકમાટી ઉપજાવે, તેવું ભયાનક દશ્ય હોય. માથું ફાટી જાય એવી ભયંકર દુર્ગંધ આવતી હોય... તરફડાટ અને ચીસાચીસ જોઇને સ્વજનોને પણ એક જ વિચાર આવતો હોય કે 'છૂટે તો સારું.'

જે શરીરનો આવો અંજામ સુસંભવિત હોય, એના પર શો રાગ કરવો... શું મમત્વ કરવું? શાસ્ત્રકારો તો કહે છે કે જે શરીરની લાખ સાર-સંભાળ કરવા છતાં, સુખાકારી સાચવવા છતાં, ખવડાવવા-પીવડાવવા છતાં એ દ્રોહ કર્યા વિના રહેતું નથી, એ શરીર કૂતરા કરતાં ય અધમ કક્ષાનું છે. એક બટકું રોટલી ખાધા પછી ય કૂતરો માલિકને વફાદાર રહેતો હોય છે. ખરેખર...

सुणएण वि ण समो देहो।

આ શરીર કૂતરાની ય તોલે આવી શકે તેમ નથી. આવા શરીર પર મમત્વ રાખવું, એની પાસેથી સુખની આશા રાખવી, એ ઝેર પાસેથી અમૃતની આશા રાખવા બરાબર છે, એ આશા ક્યારે પણ પૂરી થઈ શકે તેમ નથી.

## મમતા સંગ સો પાય અજાગલ-થનતેં દુધ દુહાવે...

કોઇને પરિવાર પ્રત્યે મમતા હોય છે. 'મારો પરિવાર' આટલું સંવેદન પણ મમતાનો જ વિકાર છે. બહુ મોટી ગેરસમજ છે આ મમતા. *અધ્યાત્મકલ્પદ્રુમ*માં તો સ્પષ્ટ કહ્યું છે -

त्रातुं न शक्या भवदुःखतो ये,
त्वया न ये त्वामपि पातुमीशाः।
ममत्वमेतेषु दधन् मुधाऽऽत्मन्,
पदे पदे किं शुचमेषि मूढ?।।१-३३।।

ભવભ્રમણના ભયાનક દુઃખથી નથી તો પરિવાર તને બચાવી શકવાનો, કે નથી તો તું પરિવારને બચાવી શકવાનો, તો પછી તેમના પર મમત્વ રાખીને તું ડગલે ને પગલે દુઃખી શા માટે થાય છે? છોડી દે આ મૂર્ખતા.

જેને જીવ 'મારા' સમજે છે, એને ખબર નથી કે એમણે મારું અનંત વાર ખૂન કર્યું છે, અને મેં તેમનું અનંત વાર ખૂન કર્યું છે.

तैर्भवेषु निहतस्त्वमनन्ते - ष्वेव तेऽपि निहता भवता च।

આમાં કોના પર મમત્વ કરવું? કોની પાસે સુખની આશા રાખવી? અને એવી આશાને શેની ઉપમા આપવી?

## મમતા સંગ સો પાય અજાગલ-થનતેં દુધ દુહાવે...

કોઈને વળી સંપત્તિ પર કારમી મૂર્ચ્છા હોય છે. સંપત્તિ જ એને મન સર્વસ્વ હોય છે. પૂ. હરિભદ્રસૂરિ મહારાજાનો એક ગ્રંથ છે *સમરાદિત્ય કથા* - આ ગ્રંથમાં એક પ્રસંગ આવે છે. એક યુવાન જ્ઞાની ભગવંતને પૂછે છે કે આ નાળિયેરીના મૂળ આટલા ઊંડા અને આટલા ઘેરાવાવાળા કેમ છે? જ્ઞાની ભગવંત કહે છે કે એ વૃક્ષનો જીવ પૂર્વભવમાં ખૂબ જ લોભી માણસ હતો. એણે એ જગ્યાએ પોતાનું ધન દાટ્યું હતું. આખું જીવન એના પરના મમત્વ ભાવને પુષ્ટ કર્યો. ધન પરની કારમી મમતાએ એને *એકેન્દ્રિય*માં મોકલી દીધો.

जहा मोहोदओ तिव्वो अन्नाणं खु महब्भयं।
पेलवं वेयणीयं तु तया एगिंदियत्तणं।।


આંખ
સુખ
આત્મા
નિલીન
સુખમય
address
હવે મારી આંખો ઉઘડી ગઈ છે.
સુખ પુદ્ગલમાં નથી,
પણ આત્મામાં જ છે એનું મને ભાન થયું છે. અને
હવે હું મારા આત્મસ્વરૂપમાં જ નિલીન થાઉં છું.
જે અત્યંત સુખમય છે
Now I found it's address.

જ્યારે મોહોદય માઝા મૂકે છે, અજ્ઞાન મહાભયાનક સપાટીને વટાવી દે છે, અને વેદનીય દુર્બળ (અવ્યક્ત) બને છે, ત્યારે એકેન્દ્રિયપણું મળે છે.

એક વખતનો શ્રીમંત આજે નાળિયેરીનું ઝાડ બન્યો છે. ભવ બદલાયો છે પણ ભાવ બદલાયા નથી, ગતિ બદલાઇ છે, પણ મતિ બદલાઇ નથી. પોતે દાટેલા ધન પરના તીવ્ર મમત્વભાવથી અવ્યક્ત સંજ્ઞાને કારણે એણે એ ધનની આસપાસ પોતાના મૂળ ફેલાવી દીધા છે. જેથી કોઈને એ દેખાય નહીં, અને કોઈ એને લઇ ન જાય.

સંપત્તિ પર મમત્વ કરતા પહેલા તેની આજુ બાજુ ગરોળી કે વાંદો બનીને ફરતી પોતાની જાતના દર્શન કરી લેજો. એ જ શેરના કાગળિયાઓ પર કંથવા બનીને ફરતા પોતાના આત્માનો વિચાર કરી લેજો. એ જ પોતાની માલિકીની જમીન પર છોડ બનીને ઉગેલા પોતાના જીવનું ચિંતન કરી લેજો.

રે... એ ગરોળીને તમારો પોતાનો જ નોકર નવમા માળેથી નીચે નાખી દે છે. એ કંથવો તમારા જ પુત્રના હાથથી ચગદાઇ જાય છે, એ છોડ તમારા જ એક મજૂર દ્વારા ઉખેડાઈ જાય છે. કંપારી છૂટી જાય એવી આ ઘટના છે. સદ્નસીબ હોય તો એટલું જ કે આજે આ માત્ર એક શક્યતા છે, વાસ્તવિકતા નથી. અને તમે ચાહો તો એને વાસ્તવિકતા બનતા અટકાવી શકો છો. જે સંપત્તિએ આપણા અનંતકાળને ઘોર દુઃખમય બનાવી દીધો છે, જે સંપત્તિ પરના મમત્વ ભાવે આપણને દુઃખી દુઃખી કરી દેવામાં કોઇ કસર નથી રાખી, એ સંપત્તિ પાસેથી સુખની આશા રાખવી, એટલે મરચા પાસેથી મીઠાશની આશા રાખવા બરાબર છે. તમે પૂરા થઇ જશો, પણ આ આશા પૂરી થવાની નથી.

### ममता संग सो पाय अजागल-थनतें दुध. दुहावे

પ્રેય (પ્રિય) એ શ્રેય બની શકે એવી કોઇ જ શક્યતા નથી, આ સ્થિતિમાં શાણપણ એમાં જ છે કે આપણે શ્રેયને જ પ્રેય બનાવી દઇએ. મમતાને મારીને સમતાનો સાથ સ્વીકારી લઈએ. શ્રામણ્યોપનિષદ્માં કહ્યું છે -

ममत्वमरणे जाते समत्वे सुप्रतिष्ठिते।
यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः।।

એક વાર મમતા મૃત્યુ પામે, અને સમતાની સમ્યક્ પ્રતિષ્ઠા થઇ જાય, પછી તો મન જ્યાં જ્યાં જાય, ત્યાં સમાધિ જ સમાધિ છે.

સમતા એ કામધેનુ ગાયના સ્તન છે, અને મમતા એ બકરીના ગળાના સ્તન છે, કોની પાસેથી સુખની આશા કરવી... એ સ્વયં વિચારી લો, કદાચ આ વાતો કડવી પણ લાગે, પ્રેયને હેય સમજવું તો મુશ્કેલ છે જ, 'પ્રેય હેય છે' એવું સાંભળવું પણ મુશ્કેલ છે. એના જ અનુસંધાનમાં આગળની કડી રજુ થઇ રહી છે...

मैरे कहेतें खीज न कीजे,
तुं ऐसी ही शिखावे;

बहोत कहेतें लागत ऐसी,
अंगुली सरप दिखावे...२

## अनुभव नाथ कुं क्युं न जगावे?...



ભવભ્રમણના ભયાનક દુ:ખથી નથી તો પરિવાર તને બચાવી શકવાનો, કે નથી તો તું પરિવારને બચાવી શકવાનો.

કોના પર મમત્વ કરવું? કોની પાસે સુખની આશા રાખવી?

મારા કહેવાથી ગુસ્સે થઈશ નહીં. કારણ કે તું જ એવું શીખવે છે. બહુ કહેવાથી તો એવું લાગે છે, કે આંગળી સાપને દેખાડે છે.

મમતારૂપે પરિણમેલો આત્મા એ જ મમતા છે. સમતાસ્વરૂપે પરિણતિ પામેલ આત્મા એ જ સમતા છે. મમતાનો પર્દાફાશ થાય એટલે તદ્રૂપે પરિણમેલ આત્મા કોપાયમાન થાય એ સહજ છે. 'મમતા'નું ઘસાતું સાંભળતા 'મમતા' ગુસ્સે થાય જ ને?

મમતાએ ગુસ્સે ન થવું જોઈએ, એના કારણ તરીકે અહીં ખૂબ જ માર્મિક વચન રજુ કર્યું છે -

**तुं ऐसी ही शिखावे ।**

મમતાએ પોતે જ પોતાનું સ્વરૂપ શીખવાડ્યું છે. એણે તો પોતે જ પોતાની વાસ્તવિકતાને છતી કરી છે. જગતમાં દુર્જનોએ કોઇ સારું કામ કર્યું હોય, તો તે એ છે કે તેમણે વહેલા-મોડા પણ પોતાની દુર્જનતાને પ્રગટ કરી છે. હા, આ સારા કામનો તેમના આત્માને કોઇ લાભ નથી થયો, લાભ તો સજ્જનોને થયો છે, કે તેઓ દુર્જનોની દુર્જનતાને જોઇને સહજ રીતે તેમનાથી દૂર થયા છે.

**तुं ऐसी ही शिखावे ।**

પછી તે શિક્ષિત સજ્જનને નારીમાં નરક દેખાય છે. સંપત્તિમાં સર્વનાશ દેખાય છે, અને શરીરમાં શ્મશાનની રાખ દેખાય છે. આમાં કોના પર મમત્વ રાખવું? મમતા પોતે જ અનંતકાળથી શીખવી રહી છે કે મમતા કરી છે, તો ખેર નથી. હું તમારું ધનોતપનોત કાઢ્યા વિના રહેવાની નથી.

દેવીભાગવતમાં કહ્યું છે -

ममता परमं दुःखं, निर्ममत्वं परं सुखम्।। ५-४-४६।।

મમતા એ પરમ દુઃખ છે અને નિર્મમત્વ એ પરમ સુખ છે.

કોઈએ રૂપિયા દબાવી લીધા એટલે આપણે દુઃખી થયા, એવું નથી. આપણને એ રૂપિયા 'મારા' લાગ્યા, એ મમત્વે આપણને દુઃખી કર્યા છે. શરીર ઘરડું થયું કે રોગિષ્ટ થયું, એટલે આપણે દુઃખી થયા એવું નથી. શરીર આપણને 'મારું' લાગ્યું એટલે આપણે દુઃખી થયા છીએ. કોઇ પણ દુઃખનું પોસ્ટમોર્ટમ કરો એના પેટાળમાં જઇને શોધ-ખોળ કરો. કોઇ ને કોઇ મમત્વ એના પાયામાં બેઠું છે. મમત્વ ન હોય તો કોઈની શક્તિ નથી કે આપણને જરા પણ દુઃખી કરી શકે. જ્ઞાનીઓ કહે છે -

द्व्यक्षरं तु भवेन्मृत्युः, त्र्यक्षरं ननु शाश्वतम्।
ममेति च भवेन्मृत्युः, न ममेति च शाश्वतम्।।

બે અક્ષર મૃત્યુદાયક છે અને ત્રણ અક્ષર શાશ્વતપદદાયક છે. 'મારું' એ મૃત્યુનું કારણ છે અને 'ન મારું' એ શાશ્વતપદનું કારણ છે.

વધારે કહેવાથી તો એવું લાગે છે કે જાણે આંગળી સાપને દેખાડતી હોય. આ વચન અતિ ગંભીર છે. પહેલા તો પદકારે એમ જ કહ્યું કે મારા વચનથી કોપાયમાન નહીં

થતાં. અને હવે સ્પષ્ટ એમ કહ્યું કે મમતાના સ્વરૂપ પ્રત્યે હું અંગુલિનિર્દેશ કરીશ, તો એ તમને સાપ જેવું લાગશે.

## अंगुली सरप दिखावे

લૌકિક સર્પનું ઝેર બહુ બહુ તો એક ભવ મારે છે, આ તો લોકોત્તર સર્પ છે. જેનું ઝેર ભવોભવ મારે છે. મમતા-સર્પના ડંખથી આપણા અનંત મરણ થયા છે. આચારાંગ સૂત્રની ટીકામાં આ વાસ્તવિકતાનું શબ્દચિત્ર રજુ કરાયું છે -

पुत्रा मे भ्राता मे, स्वजना मे गृहकलत्रवर्गो मे ।
इतिकृतमेमेशब्दं, पशुमिव मृत्युर्जनं हरति।।
पुत्रकलत्रादिपरिग्रह–ममत्वदोषैर्नरो व्रजति नाशम्।
कृमिक इव कोशकारः, परिग्रहाद् दोषमाप्नोति।।

મારા (મે) પુત્રો, મારો ભાઈ, મારા સ્વજનો, મારું ઘર તથા પત્ની આ રીતે મે-મે (મારું-મારું) અવાજ કરનાર માણસને મૃત્યુ પશુની જેમ ઉપાડી જાય છે.

પુત્ર, પત્ની વગેરે પરિગ્રહના મમત્વના દોષથી મનુષ્ય નાશ પામે છે. કોશકાર (કોશેટા) કીડાની જેમ પરિગ્રહ (મૂર્ચ્છા-મમત્વ) ના કારણે જીવ દોષ પામે છે.

## अंगुली सरप दिखावे

નિષ્કારણ વત્સલ સદ્‌ગુરુ આ મહાભયાનક સર્પ તરફ અંગુલિનિર્દેશ કરે છે. તેઓ જેને જે સ્વરૂપે દેખાડવા માંગે છે, તેને તે સ્વરૂપે આપણે ઓળખી લઈએ. આજ સુધી આપણે કરેલી ગંભીર ભૂલ એ છે, કે આપણે વસ્તુને વિપરીતસ્વરૂપે જાણી છે. વસ્તુ જેવી નથી, તેવી સમજી છે, જેવી છે, તેવી નથી સમજી. અધ્યાત્મસારમાં કહ્યું છે -

ममतान्धो हि यन्नास्ति, तत् पश्यति न पश्यति।
जात्यन्धस्तु यदस्त्येतद् – भेद इत्यनयोर्महान्।।८–१२।।

જન્મથી અંધ વ્યક્તિ 'જે છે', તેને જોઇ શકતી નથી, પણ મમતાથી અંધ વ્યક્તિ તો 'જે નથી', તેને જુએ છે. બંને વચ્ચે કેટલો ફરક !

મમતાથી અંધ વ્યક્તિને સ્ત્રીમાં સૌંદર્યના દર્શન થાય છે. સ્ત્રીના માયા-પ્રપંચમાં તેને સરળતા દેખાય છે, પુત્રની અશુચિમાં તેને અમૃતના દર્શન થાય છે. આ વિષમતાના વર્ણનનો કોઇ અંત આવે તેમ નથી. જેને ઝેર ચડ્યુ હોય, તેને કડવો લીમડો પણ મીઠો લાગે છે, તેમ મમતાસ્વરૂપ સાપનું ઝેર જેને ચડ્યું હોય, તેને અસાર સંસાર પણ સારભૂત લાગે છે.

મમતાના સંગે અનંતગુણસંપન્ન આત્માની પણ આવી કાળી કદર્થના થાય છે. આત્મિક સુખ પ્રાપ્ત કરવું હોય, અનંતગુણોનું પ્રગટીકરણ કરવું હોય, તો સમતાનો સંગ કરવો અનિવાર્ય છે, અંતિમ કડીમાં આ જ તત્ત્વ રજુ થઇ રહ્યુ છે...

Are you aware of this dangerous blindness?

જન્મથી
અંધ વ્યક્તિ 'જે છે',
તેને જોઈ શકતી નથી, પણ
મમતાથી અંધ વ્યક્તિ તો 'જે
નથી', તેને જુએ છે. બંને
વચ્ચે કેટલો ફરક







औरन के संग राते चेतन,
चेतन आप बतावे;

आनंदघन की सुमति आनंदा,
सिद्ध सरूप कहावे...३

**अनुभव नाथ कुं क्युं न जगावे...?**



ચેતન અન્યના સંગે રક્ત થયો છે, એ તો ચેતન પોતે જ બતાવે છે. આનંદઘનની આનંદમય સુમતિ સિદ્ધસ્વરૂપ કહેવાય છે. ||૩||

પતિ જ્યારે બીજી સ્ત્રીના પ્રેમમાં પડે, ત્યારે તેની પત્ની તેના લક્ષણો પરથી તે કળી જાય છે. પત્નીની સાથે વાત કરતા ભૂલથી પ્રેમિકાનું નામ બોલાઇ જવું, પત્નીની હાજરીમાં ય કોઈ બીજી દુનિયામાં ખોવાઈ જવું... વગેરે પોતાની વર્તણૂંકો દ્વારા પતિ પોતે જ આડકતરી રીતે જણાવી દે છે, કે પોતે અન્ય સ્ત્રીમાં આસક્ત છે.

'ચેતન'ની પરિસ્થિતિ પણ એવા પતિ જેવી છે. એ મમતામાં આસક્ત થયો છે. એટલે એની એક-એક ચેષ્ટાઓ વિલક્ષણ બની છે. સમાધિતંત્રમાં કહ્યું છે -

उत्पन्नपुरुषभ्रान्तेः, स्थाणौ यद्वद्विचेष्टितम्।
तद्वन्मे चेष्टितं पूर्वं, देहादिष्वात्मविभ्रमात्।।२१।।
यथाऽसौ चेष्टते स्थाणौ, निवृत्ते पुरुषाऽऽग्रहे।
तथाचेष्टोऽस्मि देहादौ विनिवृत्तात्मविभ्रमः।।२२।।

જંગલમાંથી એક માણસ પસાર થતો હતો. સાંજનો સમય હતો. આછા અંધારામાં તેને એક આકૃતિ દેખાઇ, માણસનું મન ચકરાવે ચડ્યું... કોણ હશે? અહીં કેમ ઊભો હશે? ચોર તો નહીં હોય ને? કેમ બચવું? ક્યાં નાસી જવું... આવા સેંકડો વિકલ્પો એના મનને ઘેરી વળ્યા. ગભરાતા ગભરાતા જ્યારે તે નજીક પહોંચ્યો ત્યારે ખ્યાલ આવ્યો, કે એ કોઇ માણસ છે, એ તો પોતાનો ભ્રમ હતો. વાસ્તવમાં તો એ ઝાડનું ઠુંઠુ હતું, એના પર એક અવજ્ઞાભરી નજર નાખીને એ પથિક ત્યાંથી આગળ વધી ગયો.

જ્યાં સુધી ઝાડનું ઠુંઠુ માણસ છે એવી ભ્રાન્તિ હતી, ત્યાં સુધી એ પથિક ચિત્ર-વિચિત્ર વિકલ્પો અને ચેષ્ટાઓ કરતો રહ્યો, એમ જ્યાં સુધી 'શરીર હું છું' એવી અહંબુદ્ધિરૂપ ભ્રાન્તિ છે અને 'સંપત્તિ વગેરે મારા છે' એવી મમબુદ્ધિરૂપ ભ્રમ છે, ત્યાં સુધી જીવ ચિત્ર-વિચિત્ર વિકલ્પો અને ચેષ્ટાઓ કરતો રહે છે.

જ્યારે આ ભ્રમ ભાંગે છે, 'શરીર હું નથી' અને 'પુત્ર-પત્ની-ધન વગેરે મારા નથી', આટલી સમ્યક્ સમજ આવે છે, ત્યારે જીવ પણ પેલા પથિકની જેમ સ્વસ્થ અને નિર્ભય બને છે, અને આત્માનુભૂતિનો આનંદ માણે છે.

આવી સમ્યક્ સમજ એનું જ નામ સુમતિ. જ્યાં સુમતિ છે ત્યાં આનંદ છે. સુમતિ આનંદનું કારણ પણ છે અને સુમતિ સ્વયં આનંદમય પણ છે. એટલે જ અહીં સુમતિને 'આનંદા' કહીને સંબોધી છે.

## आनंदघन की सुमति आनंदा

વિશ્વમાં કાંઈક સ્પૃહણીય હોય, તો એ સુમતિ છે, કારણ કે વિશ્વની સર્વ સમ્યક્ વસ્તુઓ સુમતિના પગલે પગલે ચાલી આવે છે.

આપણે ત્યાં નાના બાળકોને શીખવવામાં આવે છે, કે પ્રભુ પાસે આ રીતે બોલવું... ''જે જે દાદા, સદ્બુદ્ધિ આપજો...'' આ શીખ ખરેખર ખૂબ જ સુંદર છે. સદ્બુદ્ધિ છે તો સર્વસ્વ છે દુર્બુદ્ધિ છે, તો સર્વનાશ છે. ભગવદ્ગીતામાં કહ્યું છે - बुद्धिभ्रंशात् प्रणश्यति।

એક વાર સદ્બુદ્ધિનો ભ્રંશ થાય, એટલે સર્વનાશ થયા વિના રહેતો નથી. જેના પર એક પછી એક આફતો આવતી હોય, તેના



'શરીર હું નથી'
અને
'પુત્ર-પત્ની-ધન વગેરે મારા નથી',
આટલી સમ્યક્ સમજ આવે છે અને
આત્મા આત્માનુભૂતિનો
આનંદ માણે છે.

જ્યાં
**સુમતિ** છે
ત્યાં **આનંદ** છે.



માટે લોકો એવું કહે છે, કે એના પર કાળ રુઠ્યો છે. પ્રશ્ન એ થાય છે, કે કાળ કુપિત થાય એટલે એ કરે શું? એની કઈ પ્રવૃત્તિ જીવનું અહિત કરે છે? આનો ઉત્તર મહાભારતમાં આપ્યો છે -

न कालो दण्डमुद्यम्य, शिरः कृन्तति कस्यचित्।
कालस्य बलमेतावद्, विपरीतार्थदर्शनम्।।

કાળ એ કાંઇ તલવાર લઈને કોઈનું માથું કાપી નાખતો નથી. કાળનું બળ તો એટલું જ છે, કે એ માણસની બુદ્ધિ ભ્રષ્ટ કરી નાખે છે. એને વસ્તુસ્થિતિ હોય, એના કરતા વિપરીત દેખાડવું, એટલું જ કાળનું કામ. એના પછી એ વ્યક્તિનો વિનાશ નોતરવાનું કામ તો એની કુમતિ જ કરી લે છે.

સ્વાધ્યાય, ધ્યાન, પ્રભુભક્તિ, ધર્મશ્રવણ આદિ સર્વસાધનાઓનું અનંતર લક્ષ્ય છે સુમતિની પ્રાપ્તિ, અને પરંપર લક્ષ્ય છે મોક્ષની પ્રાપ્તિ.

## आनंदघन की सुमति आनंदा

અનંત જીવોના કાજળકાળા ઈતિહાસના મૂળમાં હતી કુમતિ અને અનંત જીવોના સુવર્ણ ઈતિહાસના પાયામાં હતી સુમતિ. તિર્યંચગતિ અને નરકગતિના દારુણ દુઃખો આપે છે કુમતિ અને સ્વર્ગ તથા મોક્ષના સુખો આપે છે સુમતિ. સમાન વર્તમાનને કલુષિત બનાવે છે કુમતિ અને એ જ વર્તમાનને ભવ્ય બનાવે છે સુમતિ. આનંદઘન એટલે આપણો જીવ. શ્રુતિમાં કહ્યું છે -

नित्यं विज्ञानमानन्दं ब्रह्म
।। બૃહદારણ્યકોપનિષદ્ ૩-૯/૨૮ ।।

આત્મા નિત્ય વિજ્ઞાનમય અને આનંદમય છે. આ આનંદઘન આત્માની સુમતિ = સદ્બુદ્ધિ એ જ આનંદમય છે. આ પંક્તિ ગંભીર ચિંતન માંગી લે છે.

## आनंदघन की सुमति आनंदा

આનંદઘન આત્માના આનંદમય સ્વરૂપનો આધાર એની સુમતિ છે, એ આ પંક્તિનું તાત્પર્ય છે. સુમતિ છે, તો જીવ આનંદઘન છે, કુમતિ છે, તો જીવ આર્ત્તઘન (દુઃખમય) છે.

રમણ મહર્ષિને અંત સમયે જ્યારે આખા શરીરમાં કેન્સર પ્રસરી ગયું હતું, ત્યારે એક ભક્ત તેમની પ્રસન્નતા જોઈને ચકિત થઈ ગયો હતો. જે સ્થિતિમાં માણસ હાય વોય કરે, વિલાપ કરે, ચીસાચીસ કરે, શું થશે... વગેરે ચિંતાઓમાં ગળાડુબ બની જાય, એ સ્થિતિમાં આટલી પ્રસન્નતા ! આટલી સ્વસ્થતા ! આ શી રીતે શક્ય બને???

એ ભક્તે ભોળે ભાવે રમણ મહર્ષિને પૂછ્યું, ''આપને એવો ભય નથી લાગતો? કે દેહ પડી જશે તો??? રમણ મહર્ષિએ કહ્યું, ''જો સામે બળદ છે ને? એના શિંગડા પર માળા લટકે છે. એ રહે કે પડે, એમાં બળદને શું ફરક પડે? એ જ રીતે આ શરીર રહે કે પડે, એમાં મને કોઈ ફરક પડતો નથી.''

સુમતિની હાજરી છે, તો સદા ય સુખ છે અને કુમતિનું સાન્નિધ્ય છે, તો સદા ય દુઃખ છે.

સુમતિ એટલે તત્ત્વમતિ... સમ્યક્ સમજ... સદ્બુદ્ધિ... એક વાર આનંદઘન આત્માને આનંદમય સુમતિનો યોગ થાય, તેના દ્વારા આનંદઘનરૂપ નિજસ્વરૂપનું પ્રાગટ્ય થાય અને પરિણામે આનંદના અદ્વૈત સામ્રાજ્યની અનુભૂતિ થાય... આ જ અનુભૂતિ આત્માનુભૂતિનું બીજું નામ છે. આ જ અનુભૂતિ જીવન્મુક્તિનો પર્યાય છે, અને આ જ અનુભૂતિ સિદ્ધસ્વરૂપનું સંવેદન છે.

## आनंदघन की सुमति आनंदा सिद्ध सरूप कहावे

જેઠ સુદ ૧૨, વિ.સં. ૨૦૬૭ • જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.


સુમતિ એટલે તત્ત્વમતિ... સમ્યક્ સમજ... સદ્બુદ્ધિ...
આત્મા નિત્ય વિજ્ઞાનમય અને આનંદમય છે. આ આનંદઘન આત્માની સુમતિ = સદ્બુદ્ધિ એ જ આનંદરસ છે.


Story of
a divine
flower
Which smells
forever.

Have a happy flight in

# Self-Sky.

ચાર્ટર્ડ પ્લેન કહો,
કે
આકાશગામિની લબ્ધિ કહો,
જે છે,
એ અનુભૂતિના
આકાશમાં ઉડવાનું
આલંબન છે,
રખે ચૂકી જતા...

Don't miss it.



MULTY GRAPHICS